દિવ્ય ભાસ્કર

સુરત 03-05-2022

# લાજપોર જેલમાં ઇફતારીનું આયોજન કરાયું



સુરત :લાજપોર જેલ ખાતે કે.પી હ્યુમન ફાઉન્ડેશન દ્વારા હિન્દુ અને મુસ્લિમ કેદીઓ માટે ઈફતાર(જમણવાર)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજે ૨૮૦૦ બંદીવાન ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

હાંસલ કરવાની સાથે જ ’ધી રબ્બર ગલ આફ

# કોમી એકતા સંદેશ..જેલમાં કેદીઓ માટે ઈફ્તારી

| સુરત |

લાજપોર જેલમાં રોજા રાખતા મુસ્લિમ કેદીઓ માટે ઈફ્તારીનું આયોજન કરવામાં આવ્યું હતું. બી.જે.પી. લઘુમતી મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી એમ.કે. ચિસ્તીના મુખ્ય મહેમાન તરીકે રહ્યા હતા અને તેમણે આ ઈફ્તાર પાર્ટીને હિન્દુ-મુસ્લિમ એકતા તરીકે ગણાવી હતી.





શુક્રવારે રાત્રે જેલમાં કે.પી. હ્યુમન ફાઉન્ડેશનના ફારુખ પટેલ દ્વારા આ ઈફ્તારીનું આયોજન કરવામાં આવ્યું હતું. મુસ્લિમ અને હિન્દુઓ વચ્ચે ભાઈચારો વધે તેવા સંદેશ સાથે યોજાયેલી આ ઈફ્તાર પાર્ટીમાં હિન્દુ અને મુસ્લિમ બંને કેદીઓ માટે જમણવાર રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે બી.જે.પી. લઘુમતી મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી એમ.કે. ચિસ્તી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પણ આ દેશમાં ભાઈચારો જળવાઈ રહે તે વાત ઉપર ભાર મૂક્યો હતો. જેલ સુપ્રિટેન્ડન્ટ મનોજ નિનામા અને ડી.વાય.એસ.પી. પી.જી. નરવાડે સહિતનો જેલ સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યો હતો.